રાજયમાં અનુસુચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ વિકસતી જાતિના વિધાર્થીઓ / વિદ્યાર્થીનીઓ માટે અતિ આધુનિક સરકારી છાત્રાલયો શરૂ કરવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રઃ અજાક-૧૦૨૦૧૨-૬-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૮-૦૫-૨૦૧૨.

**ઠ રા વઃ-**

રાજયમાં અનુસુચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ વિકસતી જાતિના ધોરણ-૧૧-૧૨ તેમજ સ્નાતક અને અનુસ્નાતક તથા ઉચ્ચ અભ્યાસ કરતા વિધાર્થીઓ / વિદ્યાર્થીનીઓને રહેવા-જમવા માટે સગવડ આપવા માટે અતિ આધુનિક સરકારી છાત્રાલયો શરૂ કરવા માટે રૂ.૧૦૦.૦૦ કરોડની નવી સેવા તરીકે પ્લાનમાં રજુ કરવામાં આવેલ હતી. જે નવી સેવાનો વર્ષ ૨૦૧૨-૧૩ ના બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી.

રાજયમાં અનુસુચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ વિકસતી જાતિના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ યુનિવર્સીટીના વડા મથકે ઉચ્ચ શિક્ષણમાં સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુથી રાજયની યુનિવર્સીટીઓના કેમ્પસમાં ઉપલબ્ધ ખુલ્લી જગ્યાઓમાં હોસ્ટેલ કેમ્પસ બનાવવાનું રહેશે. હોસ્ટેલ બનાવવા માટે જરૂરી જમીનના માપદંડો મુજબ જમીનની જરૂરીયાત ધ્યાને લઇને હોસ્ટેલ શરૂ કરવા માટે મકાન બાંધકામ કરવા અને હોસ્ટેલો શરૂ કરવા માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે રાજયમાં અનુસુચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ વિકસતી જાતિના ધોરણ-૧૧-૧૨ તેમજ સ્નાતક અને અનુસ્નાતક તથા ઉચ્ચ અભ્યાસ કરતા વિધાર્થીઓ / વિદ્યાર્થીનીઓને રહેવા-જમવા માટે સગવડ આપવા માટે અતિ આધુનિક સરકારી છાત્રાલયો શરૂ કરવા માટે રૂ.૧૦૦.૦૦ કરોડની (અંકે રુપિયા એકસો કરોડ પુરા) નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૨-૧૩ ની અંદાજપત્રિય જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ એ સૂચિત યોજના સમયસર પૂર્ણ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે. અને યોજનાનો મુળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૪) સમયસર કામ પુર્ણ થાય તેની જવાબદારી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિની રહેશે.

(૫) અંદાજીત રકમમાં વધારો થાય તો નાણા વિભાગની મંજૂરી અચુકપણે મેળવવાની રહેશે.

(૬) નિયત થયેલ ~~થયેલ~~ કામમાં વધારો/ઘટાડો થાય તો પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૭) આ યોજના અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૧૨ પછીજ કરવાનો રહેશે.

(૮) બાંધકામની યોજના માટે વિભાગે નવા એસ.ઓ.આર મુજબ નકશા અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારીની વહીવટી / તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રઃ એસપીઓ- ૧૦૨૦૦૫-૧૪૦૭-છ, તા.૨૨-૧૧-૨૦૦૬ અન્વયે "છ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ /સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૧) આ યોજનાના કામકાજ માટે કાળજીપૂર્વકની જરૂરી ચકાસણી કરી સરકારના પરામર્શમાં રહી અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર – ૨૨૨૫ – ૦૧- અનુ.જાતિઓ, અનુ. જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭- શિક્ષણ- પેટા સદર- બીસીકે-૨૪- અનુસૂચિત જાતિ પેટા યોજના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે નવા છાત્રાલયોની સ્થાપના અને વિકાસ હેઠળ થયેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ- ૩-૫-૨૦૧૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એલ. ઝાલા)
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(આદિજાતિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રાજય કક્ષાના માન.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, સા.ન્યા. અને અ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારી, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી(ગૃહ), સચિવાલય ગાંધીનગર.
સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) (નિયામકશ્રી મારફત)
સર્વે નાયબ નિયામકશ્રી/ સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા.) (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા તકેદારી અધિકારીશ્રી, ( કમિશ્નરશ્રી મારફત)
સિલેકટ ફાઇલ.
ઠમુ.૨૮/

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર.
1 JUN 2012
આવક નંબર..........